श्रीः

कल्याणमंदिर स्तोत्र.

(श्री सिद्धसेन दिवाकर विरचित)

તે.

મધ પધાત્મક ભાષાન્તર તથા નોટ સહિત.

પ્રસિદ્ધ કરનાર

હરજીવન રાયચંદ શાહ.

(ભક્તામર સ્તોત્રના પધાત્મક ભાષાન્તરનો કર્ત્તા.)

પ્રત ૫૦૦.

અમદાવાદમાં.

"રાજનગર પ્રીન્ટીંગ પ્રેસ"માં છાપ્યું.

સંવત્ ૧૯૫૧. સને ૧૮૯૪.

કીમત ચાર આના.

છપાવવાના સંબંધમાં ચર્ચા.

(જે જૈનબંધુઓનો, મુરબ્બીઓનો, અને પંડિત ભટ્ટારકોનો જૈનદિગમ્બર ધર્મશાસ્ત્ર છપાવવાના વિરૂદ્ધમાં વિચાર છે તેમનેજ ઉદ્દેશીને આ લખાણ છે.)

આ લેખનું પ્રયોજન ખાસ કરીને આ પુસ્તકને અંગેજ વધારે સંબંધ ધરાવે છે એમ નથી, પણ હું એક જૈનદિગમ્બર ધર્મી **"भक्तामर स्तोत्र"** ને છપાવ્યા પછી આ સ્તોત્ર છપાવું છું એમ જ્યારે ઉપરના વર્ગના જાણવામાં આવ્યું ત્યારે તેમણે હમેશ મુજબ કેટલીક ચર્ચા (ચર્ચાને બદલે નિંદા કહીએ તોપણ ચાલે કેમકે તેમણે કોઇએ એ સંબંધમાં કોઈપણ પ્રકારનો ખુલાસો મારી પ્રત્યક્ષમાં માગ્યો નથી પણ પાછળ ખુણે પેશીને બકવાદ કર્યો છે એટલે તે નિંદાજ કહેવાય.) કરી છે એમ મેં પરંપરા જાણવામાં આવ્યું છે; તેથી તેમના મનના સમાધાનને અર્થ જણાવવાનું કેઃ—

1. છપાવવાથી થતા ગેરલાભને માટે જે જે મુદ્દાઓ આજસુધીમાં રજુ કરવામાં આવ્યા છે તે વાસ્તવિક છે એમ ન્યાયની દૃષ્ટિથી જોતા સિદ્ધ થતું નથી, પણ એથી ઉલટું છપાવવાથી થતા અનેક લાભો સર્વે માન્ય ગણાય એવા છે અને આપણા સિવાય દુનિયાના બીજા તમામ ધર્મીઓએ એ રસ્તો સ્વિકારેલો છે. તેમજ એથી અનેક લાભ થતા નજરે જોઇએ છીએ.

२. ગયે વર્ષે મળેલી ' મથુરાંની મહાસભા '' માં છ-પાવવાના વિરૂદ્ધમાં જે જે પ્રશ્નો ઉઠાવવામાં આવ્યા હતા તેનો યથોત ખુલાસો રા. રા. હિરાચંદ નેમચંદે પોતાના તરફથી બહાર પડતા ' જૈનબોધક '' નામના માસીક ચોપાનિયાના સને ૧૮૯૪ના મે માસના અંકની અંદર આપ્યો છે તે જોવો

૩. '' पुस्तक छपानेकी बाबद चर्चा'' એ મથાળાનું એક ચોપાનિયુ મારા ઉપર તેમનાજ* તરફથી થોડી મુદત ઉપર આવ્યુ હતુ, તેમાં પણ સારો ખુલાસો કરેલો છે માટે તે જોવાની પણ ભલામણ કરવામાં આવે છે.

૪. '' जैनधर्मोन्नतिकारक प्रश्नोत्तरावली '' એ નામનું એક લઘુ પુસ્તક રા. રા. ધનાલાલ આસાકરન નામના એક દુર્ગાપુર નિવાસી જૈન ગ્રહસ્થે બહાર પાડયું છે, તેમાં પણ એ બાબત સારીપેઠે ચર્ચાવેલી છે માટે તે પુસ્તક પણ જોવું જોઇએ.

૫. ઉપર લખેલી ચારે બાબતો ઉપરથી કેટલાએક વધારે વિવેચન સહિત એજ બાબત ઉપર જો જરૂર પડશે અને પ્રસંગ મળશે તો એક ઇલાયદો લેખ પ્રગટ કરવાનો મારો વિચાર પણ છે.

---

* મારા ઉપર રા. રા. ઝવેરી માણેકચંદ પાનાચંદે મુંબાઇથી મોકલી આપ્યુ હતુ, અને વારવાર મારા તરફ તેઓ એવાજ કાર્યને માટે મમતાળુ રહે છે તેથી હું તેમનો આભારી છુ.

ઉપરની બાબત ઉપરથી જેમણે છપાવવાના સંબંધમાં ભારી ચર્ચા કરી છે તેમણે સમાધાન પામવું જોઇએ. વળી દક્ષિણ હિંદુસ્તાનમાં તેમજ ઉત્તર હિંદુસ્તાનમાં કેટલાંએક ઉપયોગી જૈનશાસ્ત્રો છપાયાં છે અને અહીંના કરતાં ત્યાંના લોકો એ બાબતમાં આગળ વધેલા છે તો તેમના દાખલા ઉપરથી પણ સંતોષ માનવો જોઇએ. આ ઠેકાણે એ વિષય ઉપર વધારે વિવેચન કરવાને સ્થળ સંકોચ છે.

હવે જેઓ પારકો ઉત્કર્ષ સહન કરવામાં અસમર્થ છે તેમના પ્રત્યે બે બોલ કહેવાને ધારૂં છું, પણ તેમાં મારી ભૂલજ છે! કેમકે તેમને તો પારકું સારૂં સઘળું માઠું જણાય છે તેમ આ સંબંધે પણ થવાનું. તેમના મત્સરને મટાડવાને હું સમર્થ નથી તેમજ તેમનો સ્વભાવપણ શી રીતે બદલાય ? વળી કેટલાએક એમ કહેનાર પણ મળ્યા છે કે છપાવનારને શરીર સંબંધી, સંપત્તિ સંબંધી અને સ્ત્રી પુત્રાદિક સંબંધી આપત્તિ આવી પડશે; તેમના પ્રત્યે મારે એટલુંજ જણાવવાનું કે:—

निन्दन्तुनीतिनिपुणायदिवास्तुवन्तु
लक्ष्मीसमाविशतुगच्छतुवायथेष्टम्
अद्यैववामरणमस्तुयुगान्तरेवा
न्याय्यात्पथःप्रविचलन्तिपदंनधीराः ॥१॥

ભાવાર્થ કે:—સંસાર વ્યવહારમાં ડાહ્યા કહેવાતા પુરુષો પણ કદાચ નિંદા કરે અથવા સ્તુતિ કરે, પૈસા આવે અથવા જાય, અને મૃત્યુ હમણાં થાય અથવા કાળાંતરે

થાય તો પણ ધીર પુરૂષો ન્યાયના માર્ગથી એક ડગપણ આઘું પાછું ભરતા નથી.

આ ઉપરથી તેમણે જાણવું જોઇએ કે ધીર અને વિદ્વાન પુરૂષોના મનના નિશ્ચયો એવા સુદૃઢ હોય છે. ખુણે પેશીને કરેલી નિંદાથી તો શું પણ ઉપર લખ્યાં છે એવાં સંકટો આવી પડે તોપણ તેઓ પોતાની યોગ્ય ક્રિયાઓને કર્યા સિવાય રહેતા નથી. હું તેવો વિદ્વાન નથી તોપણ તેમના માર્ગનુ અવલંબન કરવાની ઇચ્છાવાળો તેમનો સેવક થવાનું માન તો ધરાવું છું જ. અને તેથી તેમણે પોતાની જીહ્વાનો વૃથા ઉપયોગ બંધ કરવો એજ ડાહાપણ છે, કેમકે આવાં કાર્યને ઉત્તેજન આપવાને બદલે એમ કરવાથી ઉછરતા વિચારવાન બાળકોના મનના અંકુરો કચડાઇ જવાનો સંભવ છે. એક સાદુ પુસ્તક બહાર પાડવામાં પણ કેટલી મહેનતનુ કામ છે એ વાત અનુભવી સિવાય બીજાને ખબર નથી એ સબંધે રા. રા. કવિ ગણપતરામ રાજારામે પોતાના પ્રતાપ નાટકમાં લખ્યુ છે કે.—

ઉદધી ઓળંગ્યા તણો, શ્રમ જાણે હનુમાન;
ત્યમ પુસ્તક રચવા તણો, શ્રમ જાણે વિદ્વાન.

એ વાત તેમણે સારી પેરે મનજવી જોઇએ જમાનો પણ ઓળખવો જોઇએ છીએ. અને देशकालानुसारं वर्तितव्यंसदाबुधैः એ વાક્ય પણ ધ્યાનમાં રાખવું જોઇએ છીએ; વળી કાંઇક એમ પણ જોવામાં આવે છે કે,

ઉપજાતિ છંદ.

જે જે અહં મા નર જેહ જાણે, સમર્થ લોકો મદમાં રમે છે;

અજ્ઞાન બીજા નર શુ પિછાણે, સાહિત્ય એકાંત વિશે શમેછે.

नीतिविद्यामकाश

જેઓ કાંઈક જાણે છે (વિદ્વાન છે) તેઓ અંધ્યા છે, અને સમર્થ-પૈસાદાર લોકો પોતાના મદમાં ફરે છે, એ શિવાય ત્રિજો વર્ગ જે કેવળ અજ્ઞાનજ છે તેનો બીચારા એ બાબતમાં જાણેજ શુ અને તેથી કરીને સાહિત્ય જેવા અને આવા વિષયો ક્યરે કરીને અજવાળામા આવે છે! આ વાત પણ સહેજ લાગુ પુડતી જણાય છે.

કેટલાએક- એવાજ માણસો એમ પણ પ્રશ્ન કરે છે કે જ્યારે તમે આ કાર્ય સ્વધર્મના હિતને અર્થે કરો છો ત્યારે તમારે એની કીમતજ ના લેવી જોઇએ અને જ્યારે કીમત લ્યો છો ત્યારે તમારો સ્વાર્થ (નફો મેળવવાનો) હોવો જોઇએ તેમને જણાવવાનું કે જો હું છપાવીને મફત વેહેચું તો એકાદ વખતજ મારાથી તેમ થઇ શકે, જેટલાં પુસ્તક બહાર પાડવાની ઇચ્છા થાય તેટલાં બધાં મફત વેહેચવાનો ક્રમ ચાલુ રાખવા જેવી મારી સ્થીતિ નથી, અને તેથી આખરે નિશ્ચય છોડવો પડે એટલુજ નહિ પણ એ પ્રમાણે થાકી જવાથી પ્રસગ પરત્વે મફત બહાર પાડવા જેવો સમય આવે તો તે વખતે પણ નાચારીથી બેશી રહેવુ પડે. મારી સામ્પરસ્થીતિવાળા મારા જેવા બન્ધુઓને હુ પુછુ છુ કે મને તેઓ એમ કહેવાને ઉભા થાય છે, પણ તેઓ પોતે આવાં કાર્યને કેટલું ઉત્તેજન આપે છે તે વિચાર તેમના મનમાં કોઈવાર આવે છે ખરો? કે પછી પારકે "ભાણે મોટો લાડવો" !!

એમાંથી હુ નફો મેળવુ છું [illegible] પુછવાનો તેમને શો અધિકાર છે!' એ ટાટાથી સમજાવું ત-

શ્રી. તોપણ યોગ્યતાની ખાતર મારે તે સંબંધે પણ ખુલાસો કરવો જરૂરનો છે કે, પ્રથમ છપાવેલા ભક્તામર સ્તોત્રનો તેમજ આ પુસ્તકનો હિસાબ મારે ત્યાં જૂદા ખાતાથીજ બરાબર રાખવામાં આવે છે, તેથી જેમને તે તપાસવાની અગર જાણવાની ઇચ્છા હશે તેમને બતાવવામાં જરાપણ સંકોચ જેવું નથી, આ કાર્યમાંથી નફો મેળવી ઉદરનિર્વાહ કરવાની મારે જરૂર નથી કારણ ઉદરનિર્વાહને અર્થ પ્રભુએ મને બીજું સાધન આપેલું છે, અને તેથીજ તેમાંથી વખત બચાવીને આવાં કાર્યને માટે પ્રયત્ન કરવાનું મારાથી બની શકે છે તોપછી ધર્મના કાર્યમાંથી ધન કમાવાની ધારણા મારે શું કરવાને રાખવી જોઇએ. એમાં જો કાંઇપણ નફો મળશે તો આગળ ઉપર એજ કાર્યમાં ઉપયોગ કરવામાં આવશે અને થોડી ખોટ જશે તો તેને માટે શોચ જેવું નથી.

આ ભાષાન્તર બહાર પાડવામાં હું ગ્રંથકાર કે વિદ્વાનનું તેમજ ધર્મના ઉંડા રહસ્યને જાણનારનું કે યથેષ્ટ ધારણ કરનારનું માન ધરાવતો નથી, તોપણ આ ગુજરાત પ્રાંતમાં આપણા વર્ગમાં હમણાં **"वृक्षहीनेषु देशेषु एरंडोऽपि द्रुमायते"** એટલે જે દેશમાં બીલકુલ ઝાડ ન હોય તે દેશમાં દીવેલાનો છોડવો પણ ઝાડમાં ગણાય છે. [illegible] તેમ [illegible] વિદ્વાનોની અને [illegible] અને [illegible] કામાઓ [illegible] પોતાની પ્રીતિ [illegible] [illegible] અને [illegible] તો, અથવા એજ કહેવ [illegible] તો, તેને માટે હું [illegible] એ કહેવતને અનુસરતું.

નાચાર છું. એ સમ્બંધમાં મારા મનમાં તો એમાંની કોઈ પણ બાબતને માટે અભિમાન નથી. હું પોતે તો માત્ર મહાત્માઓના ચર્ણુરજ સ્પર્શની ઇચ્છાથી તેમના ગમનના માર્ગની દિશાનો સોધ કરનારો તેમનો અલ્પ સેવકજ છું.

મને આશા છે કે ઉપરના તમામ લખાણુ ઉપર પોતાને લાગુ પડતી બાબતને માટે દરેક વાંચનાર તથા સાંભળનાર પુરતુ ધ્યાન આપ્યા સિવાય રહેશે નહીં.

લિ૦ ભાષાન્તર કર્તા.

પ્રસ્તાવના.

મારા સ્વધર્મી બન્ધુઓના હાથમાં આ પુસ્તક મૂકતાં મને અત્યાનંદ એટલા માટે થાય છે કે, આજથી બે વર્ષ ઉપર બહાર પાડેલા મારા "भक्तामरस्तोत्र" ની તમામ પ્રતો તેમણે ટુંકી મુદતમાં ઉપાડી લીધી છે, તેમજ આ પુસ્તકની જાહેર ખબર બહાર પડતાંની સાથેજ સમ[illegible]રશો નકલનાં ગ્રાહક અગાઉથી સ્હેજ પ્રયાસે થઈ ગયાં છે, તોપણ કાંઇક દીલગિર થવાનું કારણ એટલા માટે છે કે મારા જ્ઞાતિબંધુઓએ અગાઉથી આશ્રય આપવાના કામમાં ઘણોજ થોડો ભાગ લીધો છે એમ પાછળ આપેલા નામોના લીસ્ટ ઉપરથી જણાયા સિવાય રહેશે નહિ.

આ સ્તોત્રના મૂળ રચનાર સિદ્ધસેન દિવાકર નામે આચાર્ય છે, અને તેમનું બીજું નામ કુમુદચંદ્ર હતું, સ્તોત્રની અંદર તેમણે પાર્શ્વનાથસ્વામિની સ્તુતિ કરી છે. એ આચાર્યના કાળ નિર્માણ સંબંધી તેમજ જન્મચરિત્ર સંબંધી વધારે માહિતી નહીં હોવાથી આ ઠેકાણે તે દાખલ કરવાનું બની શક્યું નથી.

ભક્તામર સ્તોત્રનું ભાષાન્તર બહાર પાડ્યા પછી જે વર્ગના હાથમાં તે વધારે જવાનું હતું તેમને તેની ભાષા કઠીણ પડી એમ જણાયું, અને તે સમશ્લોકી કરવાને લીધે તેમ થયું હતું. આ વખતે સમશ્લોકી ભાષાન્તર નહિ કરતાં આ ભાષાન્તર તેથી ફરીનેજ મેં હરિગીત છંદમાં છેકજ સરળ ભાષામાં કર્યું છે. ભાષાની સરળતા સાચવવા જતાં કવિતાના મધુરતામાં અને પદલાલિત્યમાં ઘટાડો

થએલો જોવામાં આવશે, પણ ભાષા છેકજ સરળ વાપરવાના હેતુથી જાણી જોઇને તેમ થવા દીધું છે.

આ સ્તોત્રની અંદર ઉપમા અલંકાર, વિરોધા લંકાર; તેમજ શાંત રસ, ભયાનક રસ, અને [illegible] ઉભરાઈ જતો સહૃદય વાચકને જણાયા [illegible] નહિ; વળી અઘટીત ઉપમાનને ઘટાવવાનું કવિનું અદ્ભૂત ચાતુર્ય પણ વાચનારને વિસ્મય પમાડે એવું છે, અને તે ઉપરથી ભક્તામર સ્તોત્રના કરતા પણ આ સ્તોત્ર મને વધારે આલ્હાદ જનક જણાય છે.

આ સ્તોત્રનું ગદ્ય ભાષાન્તર ગુજરાતી ભાષામાં તેમજ મરાઠી ભાષામાં થયેલું છે તોપણ પદ્યનું ભાષાન્તર પદ્યમાંજ વધારે સારૂ લાગે અને તે સ્તુતિરૂપે પાઠ કરતાં પણ ફાવે એવી જેમની ધારણા છે તેમને આ વધારે ઉપયોગી જણાયા સિવાય રહેશે નહિં. વળી પદ્યનો અભ્યાશ જેમને ન હોય તેમને માટે ગદ્ય ભાષાન્તર પણ ઘણીજ સરળ ભાષામાં ટુંકી નોટ સાથે દાખલ કર્યું છે. ભક્તામર સ્તોત્રના ભાષાન્તરથી જે જે લાભો થવાનો સંભવ છે તેજ લાભો આથી પણ થશે. (જુઓ તે સ્તોત્રની પ્રસ્તાવના.)

સુજ્ઞ વાચક વર્ગને છેવટે એટલીજ વિનતી કરવાની કે માણસ માત્ર અપૂર્ણ છે અને તેથી આ ભાષાન્તરમાં તેમને જે જે ખામીઓ જણાય તેને માટે મને માફી આપીને તેઓ જો સુચવવાને તસ્દી લેશે તો, બીજી આવૃત્તિ વખતે તે ઉપર હું જરૂર ધ્યાન આપીશ. કિંબહુના.

મુ. આમોદ.
જીલ્લે ભરૂચ.
વિક્રમ સંવત્ ૧૯૫૧.
કાર્તિક કૃષ્ણ ૫

લિ. જૈનબંધુઓનો સેવક.
હરજીવન રાયચંદ શાહ.
ના. જયજીનેંદ્ર.

॥ श्रीः कल्याणमंदिर स्तोत्र ॥



५७३८



॥ ॐ ॥

॥श्री कल्याणमंदिर स्तोत्र.।

॥ वसंततिलकावृत्तम् ॥

कल्याणमंदिरमुदारमवद्यभेदि
भीताभयप्रदमनिन्दितमंघ्रिपद्मम् ॥
संसारसागरनिमज्जदशेषजंतु
पोतायमानमभिनम्य जिनेश्वरस्य ॥१॥

*ગીતિ.

જેની પૂર્ણ કૃપાથી, કરી શકું આ ભાષાન્તર પદ્ય,
(તે) દેવ, ગુરૂ, આગમને, પ્રારંભે હું નમન કરૂં અદ્ય. ૧

હરિગીત છંદ.

કલ્યાણનું [1]મંદિર અને ઉદાર ઇચ્છીત આપવે,
દાતા અભય ભયભીતને, સમર્થ [2]દુરિત કાપવે;
સંસાર દરિયે ડૂબતાને નાવ[3] રૂપે જે વળી,
નિર્દોષ પ્રભુના પદકમળને પ્રથમ હું પ્રેમે નમી—૧

અર્થ —કલ્યાણ=મંગળ અથવા સુખના ઘરરૂપ, ઇચ્છીત સ્તવનેઆપનાર પાપનો નાશ કરનાર દુઃખદરિયારૂપ સંસા-[illegible] [illegible] અભય આપનાર, વળી સ-[illegible] નૌકારૂપ, એવા [illegible] કમળને નમ-સ્કાર કરીને—

* આ ગીતિવૃત્ત ભાષાન્તર કર્તાની પ્રાર્થનારૂપે છે, એ વૃત્તને મૂળની સાથે કાંઇપણ સબંધ નથી. આગમ=શાસ્ત્ર
૧ ઘર. ૨ પાપ. ૩ વહાણ.

यस्यस्वयंसुरगुरुर्गरिमांबुराशेः
स्तोत्रंसुविस्तृतमतिर्नविभुर्विधातुम् ॥
तीर्थेश्वरस्यकमठस्मयधूमकेतो-
स्तस्याहमेषकिलसंस्तवनंकरिष्ये ॥२॥

(युग्मम्)

સાગરસમા જેના મહિમાની સ્તુતિ કરવા વિષે,
વિશાળ બુદ્ધિ સુરગુરૂ[1] તે, એક શક્તિ હીણ રીતે;
વળી કમઠ[2] કેરા ગર્વને જે બાળવે અગ્નિ અરે,
તીર્થેશની[3] સ્તુતિ કરીશ જ તેમની હું તો ખરે. ૧*

અત્યત બુદ્ધિવાળા બ્રહસ્પતિ પોતે પણ જેના મહિમાના સમુદ્રનું વર્ણન કરવાને સમર્થ થયા નથી, અને કમઠ નામે દૈત્યના ગર્વને બાળી નાખવામાં જે પ્રત્યક્ષ અગ્નિરૂપ છે, એવા તીર્થોના ઇશ્વર જે પાર્શ્વનાથ સ્વામી તેમની હું ખરેખર સ્તુતિ કરીશ!! આ બે શ્લોકનું યુગલ છે.

---

૧ બ્રહસ્પતિ, દેવતાઓના ગુરૂ. ૨ પાર્શ્વનાથસ્વામીની તપશ્ચર્યામાં વારંવાર વિઘ્ન નાખનાર એક દૈત્ય. એની સવિસ્તર હકીકત પાર્શ્વનાથ પુરાણમાં આપેલી છે. ૩. "તીર્થ"=ચતુર્વિધ સઘ તેના ઇશ્વર-પ્રભુ.

* આ [illegible] સ્વામિની મહાનતા જણાવીને, [illegible] પોતે પ્રત્યક્ષ મૂર્ખના જેવુંજ [illegible] છે. જુઓ ભક્તામર સ્તોત્ર [illegible]

सामान्यतोऽपितववर्णयितुंस्वरूप-
मस्मादृशाःकथमधीशभवंत्यधीशाः॥
धृष्टोऽपिकौशिकशिशुर्यदिवादिवान्धो
रूपंप्ररूपयतिकिंकिलघर्मरश्मेः ॥३॥

સામાન્યરીતે પણ તમારા રૂપને વિસ્તારવા,
જીનરાજ! શક્તિમાન દૂર્લભ મૂઢ મુજસમ છે થવા;
દિન અંધ ધીરજવાન બચ્ચું ઘૂડનું જે તેહથી,
નહિ સૂર્ય કેરા રૂપને વર્ણી શકાશે સ્નેહથી. ૩*

જેમ ઘરૂપક્ષીનું બચ્ચું ગમે એટલી ધીરજવાળું હોય તોપણ દિવસને વિષે આંધળું હોવાથી સૂર્યનાસ્વરૂપનું વર્ણન કરવાને તે સમર્થ થતું નથી; તેમજ હે સ્વામિન! મારા જેવા (મંદ બુદ્ધિવાળા) તમારા સ્વરૂપનું સામાન્ય વર્ણન કરવાને પણ ક્યાંથી સમર્થ થાય? અર્થાત્ તેજ પ્રમાણે હું પણ તમારૂ વર્ણન કરવાને સમર્થ નથીજ.

---

* કવિએ આ ઠેકાણે પોતાની અધિક અશક્તતા જણાવી છે. અને તે દ્રષ્ટાંત આપીને વાંચનારને સિદ્ધ કરી આપી છે.

मोहक्षयादनुभवन्नपिनाथमत्या
नूनंगुणान्गणयितुंनतवक्षमेत ॥
कल्पांतवांतपयसःप्रकटोऽपियस्मा-
न्मीयेतकेनजलधेर्ननुरत्नराशिः ॥४॥

અનુભવ કરે તુજ ગુણતણો જન મોહના[1] ટળવાથકી,
નહિ પાર પામે નાથ ! તે પણ આપ ગુણ ગણતાં કદી;
જેમ પ્રલયકાળવડે ખસેલા જળથકી સમુદ્રના.
ખુલ્લા થયેલા રત્ન ઢગલા કોથી માપી શકાય ના. ૪

હે નાથ ! જેવી રીતે પ્રલયકાળવડે સમુદ્રની અંદરનું પાણી ખસી ગયું હોય તોપણ ઉઘાડો થયેલો રત્નોનો ઢગલો કોઇથી માપી શકાતો નથી, તેવિજ રીતે કેવળજ્ઞાનને પામેલો માણસ પણ તમારા ગુણનું વર્ણન કરવાને યથાર્થ સમર્થ થતો નથી. (તો પછી હું ક્યાંથી થાઉં)

૧. મોહાદિના ટળવાથી જેને કેવળજ્ઞાન ઉપજ્યું છે એવો માણસ.

अन्युद्यतोऽस्मितवनाथजडाशयोऽपि
कर्तुंस्तवंलसदसंख्यगुणाकरस्य ॥
बालोऽपिकिंननिजबाहुयुगंवितत्य
विस्तीर्णतांकथयतिस्वधियांबुराशेः॥५॥

દેદીપ્યમાન[1] અસંખ્યગુણની[2] ખાણ નાથ તમારી હું,
આરંભનો કરવા સ્તુતિ પણ મંદ બુદ્ધિમાન છુ !!
શુ બાળ પણ કે'તું નથી? લંબાવી બેઊ હાથને,
નિજબુદ્ધિના અનુસારથીજ સમુદ્રના વિસ્તારને. ૫

હે સ્વામિન્! જેમ બાળક પણ પોતાની સમજણ પ્રમાણે સમુદ્રનો વિસ્તાર બતાવવાને પોતાના બેઉ હાથ પસારે છે તેમ હું પણ મંદબુદ્ધિનો છતાં તમારા અસંખ્ય તેજસ્વી ગુણોની બાબતનું વર્ણન કરવાને ઉદ્યમી થયો છું!! (આરંભ કરેલો છે)



---

૧ પ્રકાશમાન, ઉજ્વળ, તેજસ્વી. ૨ અગણિત, ઘણા.

येयोगिनामपिनयांतिगुणास्तवेश
वक्तुंकथंञ्भवतितेपुममावकाशः ॥
जातातदेवमसमीक्षितकारितेयं
जल्पंतिवानिजगिराननुपक्षिणोऽपि ॥६

હે ઈશ ! યોગી[1] પણ તમારા ગુણ જે ન કહી શકે !
સામર્થ્ય[2] મારૂં કયાંથી વર્ણન મુજથી તેનું થઈ શકે;
વિચાર વિણનું કાર્ય આ ગણાય મા'રૂં તેહથી,
પણ પક્ષી શું પોતાતણી ભાષા કહો વદતાં નથી? ૬

હે ઇશ્વર! યોગિયોપણુ તમારા જે ગુણોને કહેવાને શક્તિમાન થતા નથી તે ગુણોનું વર્ણન કરવાને મારી બુદ્ધિ ક્યાંથી સમર્થ થાય ! અર્થાત્ નહીંજ થાય. અને એ પ્રમાણે જોતાં તો મારૂં આ કાર્ય અવિચાર ભરેલું=અયોગ્ય છે, એમ જણાય છે. તોપણુ જેમ પક્ષીઓ પોતાના ભાવ જણાવવાને માટે મનુષ્યની ભાષા નહીં જાણતાં છતાં પણ પ્રયાસ કરે છેજ, અર્થાત્ પોતાની ભાષામાં બોલે છેજ, (તેમજ મેં (સિદ્ધસેન દિવાકર આચાર્યે) પણ યથાશક્તિ પ્રયાસ કર્યો છે.)

૧ રત્નત્રય (સમ્યક્દર્શન, સમ્યક્જ્ઞાન, સમ્યક્ ચારિત્ર) રૂપી યોગનું આરાધન કરીને જ્ઞાનવાન થએલા તે.
૨ શક્તિ.



आस्तामचिंत्यमहिमाजिनसंस्तवस्ते
नामापिपातिन्नवतोन्नवतोजगंति ॥
तीव्रातपोपहतपांथजनान्निदाघे
प्रीणातिपद्मसरसःसरसोऽनिलोऽपि॥७॥

અચિંત્ય[1] મહિમાવાન સ્તુતિ આપની હો જીનરે,
તુજ નામ પણ સંસારથી ત્રૈલોકનું રક્ષણ કરે;
જયમ ગ્રીષ્મ[2] કેરા સખત તાપવડે મુસાફર જે દુઃખી,
તે થાય કમળ[3] તલાવ કેરા શીતળ વાયુથી સુખી. ૭

હે જીનેશ્વર! જેમ ઉનાળાના સખત તાપ વડે ગભરાઇ ગએલા મુસાફરોની ગભરામણને, કમળવાળું સરોવર છેટે હોય છે તોપણ તેનાવડે શીતળ થએલો વાયુ માત્ર પણ મટાડી શકે છે! તેમજ અત્યંત મહિમાવાળી આપની સ્તુતિ ભલે હો, પણ આપનું નામ માત્રજ આ ત્રૈલોકનું જગતુમાંથી રક્ષણ કરવાને માટે સમર્થ છે!! ભાવાર્થ કે નામ સ્મરણથીજ જ્યારે એટલું થાય છે, તો પછી સ્તુતિના મહિમાને વિષે તો કહેવુંજ શું?

૧ કલ્પના પણ ન થઇ શકે એવો. ૨ ઉનાળાના. ૩ જે તલાવની અંદર કમળ હોય તે.

हृद्वर्तिनित्वयिविभोशिथिलीभवंति
जंतोःक्षणेननिबिडाअपिकर्मबंधाः ॥
सद्योभुजंगममयाइवमध्यभाग-
मभ्यागतेवनशिखंडिनिचंदनस्य ॥८॥

હે સ્વામિ આપ હૃદય વિષે આવો તદા પ્રાણી તણાં,
ક્ષણમાત્રમાં દૃઢ કર્મબંધન જાય તૂટી જગ તણાં;
વનના મયૂરો મધ્યમાં જેવી રીતે આવ્યા થકી,
ચંદનતણા તરૂથીજ સર્પો સદ્ય[1] છૂટે છે નકી. ૮

જેમ ચંદનના વનની અંદર મોરપક્ષીઓનો પ્રવેશ થવાથી ચંદનનાં ઝાડોને થએલું સર્પનું બંધન તત્કાળ છુટી જાય છે; તેમજ હે [2]વિભુ! તમો જ્યારે હૃદયની અંદર સાક્ષાત્કાર થાઓ છો, ત્યારે પ્રાણીમાત્રનાં જે જે કઠણ કર્મનાં બંધનો હોય છે તે પણ ક્ષણમાત્રમાં શિથિલ થઇ જાય છે.* અર્થાત્ હૃદયને વિષે આપના પ્રવેશ કરવાથી તમામ કર્મ સાપનીપેઠે છુટી જાય છે!

---

૧ તત્કાળ, ૨ સમર્થપ્રભુ.

* એવી આખ્યાયિકા ચાલે છે કે ચંદનના ઝાડના થડને હમેશાં તેની સુગંધીથી લોભાઇને સાપ વીંટાઇ રહે છે. બીજાં કેટલાંએક સંસ્કૃત કાવ્યોમાં પણ એમ જણાવેલું છે

मुच्यंतएवमनुजाःसहसाजिनेंद्र !
रौद्रैरुपद्रवशतैस्त्वयिवीक्षितेऽपि ॥
गोस्वामिनिस्फुरिततेजसिदृष्टमात्रे
चौरैरिवाशुपशवःप्रपलायमानैः ॥९॥

દર્શન અહો જીનેંદ્ર ! માત્ર મનુષ્યને જો થાય છે,
તો સેંકડો દુઃખ ભય ભરેલાં સ્હેજમાં ટળી જાય છે;
ગોવાળ[1] કિંવા સૂર્ય તેજસ્વીતણા દીઠા થકી,
પશુઓ મૂકાયે સદ્ય જેવાં નાસતા ચોરો થકી. ૯

હે જીનેંદ્ર! જેમ પ્રકાશમાન સૂર્યને અથવા પરાક્રમી કે બળવાન રાજાને, કે ગોવાળને જોતાંજ ચોર લોકો પશુઓ-ને મૂકીને નાશી જાય છે, તેમજ તમારાં દર્શન માત્રથીજ માણુસનાં શેકડો ભયાનક દુઃખો પણ સ્હેજમાં દૂર થઇ જાય છે.

---

1 ગોવાળ કે રાજા કિંવા સૂર્યના; મૂળ સંસ્કૃતમાં વાપરેલા गोस्वामिनि એ એકજ શબ્દના ત્રણ અર્થ એ પ્રમાણે થઇ શકે છે.

૧૯.

त्वंतारकोजिनकथंभविनांतएव
त्वामुद्वहन्तिहृदयेनयदुत्तरंतः ॥
यद्वादृतिस्तरतियज्जलमेषनून-
मंतर्गतस्यमरुतःसकिलानुभावः ॥१०॥

તારક તમે જીનરાજ! કેવી રીતથી સંસારીના?
તમને હૃદયમાં ધારી ઉલટા તારતા સંસારીઓ!!
આશ્ચર્ય છે પણ ચર્મકેરી[1] મસકથી[2] સાચું ઠરે,
અંદર ભરેલા વાયુના આધારથી જળને તરે!!* ૧૦

હે જીનરાજ! તમે ભવ્યજીવોને આ સંસારરૂપી સમુદ્રમાંથી શી રીતે તારી શકો છો? કેમકે જે મનુષ્યો આ સંસારરૂપી સમુદ્રને તરે છે, તેઓ ઉલટા તમને હૃદયમાં ધારણ કરીને તરે છે. એટલે એ પ્રમાણે તો તેઓ તમોને તારતા હોય એવું સમજાય છે! પણ ના, તેમ નથી. જેમ ચામડાની મસકમાં ભરેલો (રહેલો) વાયુ તે મસકને પાણીના ઉપર તારે છે, તેમજ તમે પણ અંદર (હૃદયમાં) રહીને તેમને તારો છો એ વાત સમજ છે.

---

૧ ચામડાની. ૨ પાણી ભરવાની એક જાતની ચામડાની કોથળી, મુસલમાન લોકો મુસાફરીમાં સાથે રાખે છે.

* [illegible] વસ્તુ જ આશ્ચર્યકારક દૃષ્ટાંત શો- ધી [illegible], અંદર રહેલી (ભરેલી) વસ્તુ- ઓ [illegible] વસ્તુઓ વહાણને તારતી ન- થી, [illegible] [illegible] [illegible]

यस्मिन्हरप्रभृतयोऽपिहतप्रभावा-
स्सोऽपित्वयारतिपतिःक्षपितःक्षणेन ॥
विध्यापिताहुजभुजःपयसाऽथयेन
पीतंनकिंतदपिदुर्धरवाडवेन ॥११॥

હરિ, હર અને બ્રહ્માદિના પ્રભાવને જેણે હણ્યો,
ક્ષણમાત્રમાં તે રતિપતિને[1] સ્હેજમાં આપે હણ્યો;
જે પાણી અગ્નિ અન્યને બુઝાવતું પળવારમાં,
તે પાણીને વડવાનળે[2] પીધું ન શું ક્ષણવારમાં?* ૧૧

જે પાણી અગ્નિમાત્રને બુઝાવી નાખે છે, તેજ પાણીને જેમ વડવાનળ અગ્નિ પી જાય છે; તેમજ હે પ્રભુ! જે કામવિકારે બ્રહ્મા, વિશ્નુ અને મહેશ્વરાદિકના પ્રભાવને પણ હણી નાખ્યો છે, તેજ કામવિકારને ક્ષણમાત્રમાં આપે હણી નાખ્યો છે!!

---

૧. કામવિકાર. ૨ સમુદ્રનો અગ્નિ.
* કવિએ આ ઠેકાણે પ્રભુનું અદ્ભુત સામર્થ્ય જણાવ્યું છે.

१०

त्वामिन्ननल्पगरिमाणमपिप्रपन्ना-
स्त्वां जंतवः कथमहो हृदये दधानाः ॥
जन्मोदधिं लघु तरंत्यतिलाघवेन
चिंत्यो न हंत महतां यदि वा प्रभावः ॥१२॥

હે સ્વામિ! અતિશય ભારવાળા આપને પામ્યા પછી,
કેવી રીતે પ્રાણી અહો! નીજ હૃદયમાં ધાર્યા થકી,
અતિ લઘુપણે ભવરૂપ દરિયો સ્હેજમાં તરી જાય છે?
અથવા મહાનજનો તણો મહિમા અચિંત્ય ગણાય છે! ૧૨

હે સ્વામિન્! પ્રાણીઓ આ સંસારરૂપી સમુદ્રને, હૃદયને વિષે આપને ધારણ કર્યા પછી પણ પોતે જાણે છેકજ હલકા હોય એમ સ્હેજે તરી શકે છે, એ મોટું આશ્ચર્ય છે! કેમકે અતિશય ભારે (મહાન) એવા આપને ધારણ કરીને જાણે પોતે હલકા થયા હોય એમ સેહેલાઇથી તરી શકે એ તો મોટું આશ્ચર્યજ કહેવાય, અથવા મહાન પુરૂષોનો મહિમા એવોજ કાંઇક અલૌકીક હોય છે કે જેની કલ્પના પણ આપણાથી થઈ શકતી નથી. *

---

* શ્લોક દશમાની અંદર કવિયે જેવી ઉત્પ્રેક્ષા કરી છે તેવીજ આ ઠેકાણે પણ કરી છે. અહીં આગળ તેને યોગ્ય ઉત્તર ન આપતાં, મહાન પુરૂષોનો મહિમા એવોજ ચમત્કારિક હોય છે એમ જણાવવામાં પણ ખરૂં ચાતુર્ય વાપર્યું છે.

क्रोधस्त्वयायदिविभोप्रथमंनिरस्तो
ध्वस्तास्तदाबतकथंकिलकर्मचौराः॥
प्लोषत्यमुत्रयदिवाशिशिराऽपिलोके
नीलद्रुमाणिविपिनानिनकिंहिमानी॥१३

હે પ્રભુ! જ્યારે પ્રથમથી આપે *હણ્યો તો ક્રોધને,
આશ્ચર્ય ત્યારે કેમ બાળ્યા કર્મરૂપી ચોરને?
અથવા નહીં આ અવનીમાં શું, દેખવામાં આવતું?
શીતળ પડે જે હીમ તે લીલાં વનોને બાળતું!! ૧૩

હે વિભુ! તમે જ્યારે ક્રોધરૂપી અગ્નિનો નાશ પ્રથમથીજ કર્યો હતો, ત્યારે પછી કર્મરૂપી ચોરોને શી રીતે બાળી નાખ્યા? અથવા ખરીજ વાત છે, કેમકે શીતળ એવા હીમના પડવાથી પણ લીલાં વનો જેમ બળી જાય છે, તેમજ તમે પણ શાંતિરૂપી શીતળ હીમવડે કર્મરૂપી ચોરોના વનનું દહન કર્યું હોય; તો તેમાં પછી આશંકા ઉઠાવવાનું કારણ નથીજ.+

---

* હણ્યો [illegible] શબ્દ [illegible] કેવી [illegible] ઉ- [illegible]

त्वांयोगिनोजिनसदापरमात्मरूप-
मन्वेषयंतिहृदयांबुजकोशदेशे ॥
पूतस्यनिर्मलरुचेर्यदिवाकिमन्य
दक्षस्यसंभविपदंननुकर्णिकायाः॥१४॥

હે જીન! યોગી આપને પરમાત્મ રૂપેથી સદા,
નિજ હૃદય કમળે જ્ઞાનરૂપી [1]ચક્ષુથી અવલોકતા;
પૂનિત[2] નિર્મળ કાંતિવાળા કમળનું બી[3] સંભવે,
શું કમળ કેરી [4]કર્ણિકાના મધ્યવિણ બીજે સ્થળે?* ૧૪

હે જીનેશ્વર! પરમાત્મરૂપ એવા આપને, યોગિયો નિરંતર પોતાના હૃદયકમળને વિશેજ જુએ છે; (શોધે છે) ને યોગ્યજ છે. કેમકે પવિત્ર અને નિર્મળ કાંતિવાળા કમળના બીજનું સ્થળ, કમળના મધ્ય પ્રદેશમાં રહેલી કર્ણિકામાંજ સંભવે છે. તેમજ બીજરૂપ (મૂળ સુદ્ધ સ્વરૂપ) આપનું સ્થળ પણ માણસના હૃદયકમળમાંજ છે એ વાસ્તવિકજ છે.

---

૧ આંખો. ૨ પવિત્ર. ૩ બીજ. ૪ કમળના મધ્યમાં રહેલો દાંનાવાળો (કેસરવાળો) પ્રદેશ. જેને કેટલાએક લોકો ચાણી વિગેરે કહે છે તે.

* સમાધિને વિશે યોગિયો ધ્યાન કરે છે, તે વખતે તેમને [illegible] અનુભવ થાય છે. [illegible] તે વાતનો દ-ષ્ટાંતથી સામાન્ય માણસને પણ [illegible] કરી આપ્યું છે.

ध्यानाज्जिनेशभवतोभविनःक्षणेन
देहंविहायपरमात्मदशांव्रजंति ॥
तीव्रानलादुपलभावमपास्यलोके
चामीकरत्वमचिरादिवधातुभेदाः ॥१५॥

ક્ષણમાત્રમાં જીનરાજ! ભવિજન આપ કેરા ધ્યાનથી,
પામે દશા પરમાત્મની તજી દેહને *પ્રભુજ્ઞાનથી;
જયમ તિવ્ર અગ્નિ તાપથી મિશ્રીત ધાતુ હોય તે,
પથ્થરપણાને ત્યાગિને તત્કાળ સોનું થાય છે!! ૧૫

હે જીનેશ! જેવી રીતે તિવ્રઅગ્નિના તાપથી જુદી જુદી ધાતુઓ પત્થરપણાને છોડીને તત્કાળ સુવર્ણ (સોનું) પણાને પામે છે. તેમજ ભવ્યજનો આપનું ધ્યાન (સમાધિ અવસ્થાને વિશે) ધરવાથી ભૌતિક દેહને છોડીને ક્ષણમાત્રમાં પરમાત્મદશાને પામી જાય છે. ‡

---

* પ્રભુ જ્ઞાનથી એ શબ્દ મૂળ શ્લોકમાં નથી પણ યોગ્ય લાગવાથી ભાષાન્તરમાં મૂક્યો છે.

‡ वीतरागं यतोध्यायन् वीतरागो भवेद्भवी ।
ईलिका भ्रमरी भीता ध्यायंती भ्रमरी यथा ॥१॥

[illegible]जिनयस्यविभाव्यसेत्वं
भव्यैःकथंतदपिनाशयसेशरीरम् ॥
एतत्स्वरूपमथमध्यविवर्तिनोहि
यद्विग्रहंप्रशमयंतिमहानुभावाः ॥१६॥

હે જીન! હમેશાં ભવ્યજન જે દેહના અંતર વિષે,
ધરતા તમારૂં ધ્યાન તેનો નાશ કરતા કેમ તે?
અથવા સ્વભાવ મહાનજન [1]મધ્યસ્થનો એવો સદા
[2]વિગ્રહતણો કરી નાશને શાંતિ પ્રસારે [3]ઉભયથા. ૧૬

હે જીનેશ્વર! ભવ્યજનો જે દેહની અંદર નિરંતર તમારૂ ધ્યાન કરે છે, તે દેહનો તમે કેમ નાશ કરો છો? પણ એમાં શંકા જેવું નથી કેમકે જે માહાત્માઓ મધ્યસ્થપણું ધારણ કરે છે, તેમની રીત એવીજ હોય છે. તેઓ વિગ્રહનો નાશ કરે છે. એટલે ટંટાનો નાશ કરે છે, અને આ ઠેકાણે [4]વિગ્રહ એટલે દેહનો નાશ કરો છો તે યોગ્યજ છે.

૧ બેની લડાઇમાં વચમાં પડીને ટંટો પતાવનાર. ૨ દેહ અથવા ઝઘડો. ૩ બેઉ પ્રકારે બેઉ રીતે. ૪ આત્માનું દેહની સાથે જડાવું અને વ્યવહાર [illegible] એ [illegible] એક વિ[illegible] ([illegible]) જેવું [illegible] છે. અને તેનો નાશ ([illegible] પ્રકારે સ[illegible]થી, અથવા [illegible]આરાધનથી) [illegible]થી અને [illegible]ઐહિક દુઃ[illegible] [illegible]માં મુકત [illegible] છે.

[illegible] षि जरयं त्वदजेवबुद्धया
[illegible] नेंद्र जवतीह जवत्मजावः ॥
[illegible] यमप्यमृतमित्यनुचिंत्यमानं
[illegible] जामनो विषविकारमपाकरोति॥२७॥

[illegible] भेद हे प्रभु ! आपने आत्मा विषे ए बुद्धिथी,
चितन करे पंडित अहीं ते, आप सम थाये नकी.
[illegible] जळ विषे श्रद्धाथकी अमृततणुं चिंतन करे,
ते जळ खरेखर विषना विकारने शुं ना हरे?* १७

जेम श्रद्धा अथवा मत्रादिक प्रयो [illegible] करीने जे पाणीने विषे अमृतपणानो निश्चय कर्यो [illegible] छे, ते पाणीथी पण [illegible] होइ शकती नथी हे जीनेंद्र! आत्मा [illegible] आ [illegible] छो एम, अभेदबुद्धिथी जे पंडितो तमारुं ध्यान करे छे, तेओ आ लोकने विषेज तमारा [illegible] थाय छे! अर्थात् जीवनमुक्त थाय छे. एमां शुं आश्चर्य छे.

---

* [illegible] पाणीने आ अमृतज छे एम श्रद्धा [illegible] [illegible] अमृतज थइ जाय छे, तेम आ आत्मा अने [illegible] छे एम श्रद्धापूर्वक [illegible] ने एकरूपज [illegible] भक्तामर [illegible] १०. तेमां [illegible] [illegible] छे.

त्वामेव वीततमसं [illegible]
नूनं विभो हरिहर[illegible] प्रपन्नाः ॥
किंकाचकामलिभिरीश सितोऽपि शंखो
नो गृह्यते विविधवर्णविपर्ययेण ॥१८॥

તમનેજ અજ્ઞાને રહિત પરધર્મી પણ નામાંતરે[1],
વિભુ ! હરિહરાદિક બુદ્ધિથી નિશ્ચય કરી પામે ખરે;
કમળાતણા રોગેથી જેનાં નેત્ર પ્રભુ ! પીળાં રહે,
તે સાફધોળા શંખને શું પીતવર્ણી[2] નહિ કહે ? ૧૮

હે પ્રભુ ! જેમ કમળાના રોગથી પીળી થએલી આંખો વાળો માણસ, ધોળા શંખને પણ પીળો કહીને માને છે. તેમજ અન્યધર્મી પુરૂષો પણ હરિ, હર, બ્રહ્મા, ઈશાદિકની બુદ્ધિથી, અજ્ઞાનથી રહિત (વીતરાગ) એવા તમનેજ પામે છે. *

---

૧ માત્ર નામનાજ અંતરથી, ૨ પીળા રંગનો.
* કહેવાનો ભાવાર્થ એવો છે કે અનેક લોકો અનેક નામથી પ્રભુની સ્તુતિ આદિક કરે છે, પણ તે સઘળામાં નામનુંજ માત્ર અંતર છે. નહિ તો શુદ્ધ સ્વરૂપ, તો એ[illegible]
[illegible] લોકમાં ઘણોજ વિશાળ ભાવ [illegible]
[illegible] છે.

धर्मोपदेशसमये सविधानुभावा-
दास्तां जनो भवति ते तरुरप्यशोकः॥
अभ्युद्गते दिनपतौ समहीरुहोऽपि
किंवा विबोधमुपयाति न जीवलोकः १९

[1]ધર્મોપદેશતણા સમયમાં આપના સહવાસથી,
તરૂ[2] પણ અશોકજ[3] થાય, તો શું મનુજનું કે'વું પછી;
જ્યમ સૂર્યના ઉગ્યાથકી, ના માત્ર માનવી જાગતાં,
પણ વૃક્ષ પલ્લવ પુષ્પ સાથે સ્હેજમાં પ્રફુલ્લિત થતાં, ૧૯

હે સ્વામિન્! જેમ સૂર્યના ઉગ્યાથી માણસો જાગે છે એટલુંજ નહિ, પણ ઝાડો સુદ્ધાં પોતે જાણે નિદ્રામાંથી જાગ્યાં હોય તેમ-પુષ્પ પત્રથી પ્રફુલ્લિત થાય છે. તેમજ તમારા ધર્મના ઉપદેશ વખતે સમીપપણાને લીધે, ઝાડો પણ શોકથી રહીત થઈ જાય છે; તો પછી માણસનીતો વાતજ શી કરવી!

---

૧ ધર્મનો ઉપદેશ કરતી વખતે. ૨ ઝાડ. ૩ અશોક નામનું વૃક્ષ અથવા શોક રહિત. અશોક વૃક્ષ એ સમવસરણ વખતના આઠ અતિશયમાંનો એક અતિશય છે. આ ઠેકાણે કવિયે યુક્તિ પૂર્વક તેનું વર્ણન કર્યું છે.

॥

...यदिवा मुनीश

...हि बंधनानि॥२०॥

ચારે દિશાયે દેવ જે પુષ્પોતણી વૃષ્ટિ કરે,
આશ્ચર્ય નીચાં મુખવાળાં ડીંટથી તે કયમ પડે ?
હે મુનીશ ! અથવા આપનું સામિપ્ય[1] જનપામાયછે,
પંડિત અને પુષ્પોતણાં બંધન[2] અધોમુખ થાયછે !!

હે વિભુ ! *સમવસરણને વિશે દેવતાઓ તમારી ચોતરફ જે પુષ્પોની નિરંતર વૃષ્ટિ કરે છે તે પુષ્પોનાં ડીંટાં (બંધનો) તમારા સમીપમાં આવતાં નીચાં મોઢાંવાળાં થઈ જાય છે; એ ખરેખર આશ્ચર્ય છે! માટે તેનું શું કારણ હશે ? અથવા તે યોગ્યજ છે. કેમકે તમારા સમીપમાં આવવાથી વિદ્વાનોનાં એટલે પંડિતોનાં અને પુષ્પોનાં જે બંધન (કર્મ બંધન તથા પુષ્પપ્રતિ ડીંટાં) હોય છે તેનાં મોઢાં નક્કી નીચાંજ થવાં જોઇએ, અર્થાત્ તે જતાં રહેવાંજ જોઇએ.

---

1 પાસે હોવું. 2 કર્મનાં બંધન તથા પુષ્પનાં ડીંટાં.
3 કર્મોનું જવુ તથા ડીંટાનુ નીચે મોઢે પડવું.
* તીર્થંકરને કેવળજ્ઞાન ઉપજ્યા પછી દેવતાઓ જે અલૌકિક રચના કરે છે તે. વિશેષ હકીકતને માટે અન્યગ્રંથમાં જોવું. (વિસ્તારે ભયથી અહીં લખ્યું નથી.)

स्थाने गभीरहृदयोदधिसंभवायाः
पीयूषतां तव गिरः समुदीरयंति । ॥
पीत्वा यतः परमसंमदसंगभाजो
भव्याव्रजंति तरसाऽप्यजरामरत्वम्॥२१

જે આપના ગંભીર હૃદય સમુદ્રમાંથી ઉપજે,
તે વાણિમાં અમૃતપણુ, લોકો કહે તે સત્ય છે.
કાંકે[1] કરીને પાન પરમાનંદને ભજતા થકા,
ભવિજન[2] અહો એથી કરીને સિધ[3] અજરામર[4] થતા.

હે પ્રભુ! તમારા ગંભીર હૃદયરૂપી સમુદ્રમાંથી જે (ધર્મોપદેશની) વાણી ઉપજે છે, તેની અંદર અમૃતપણું રહેલું છે, એમ જે કહેવામાં આવે છે તે સત્યજ છે. યોગ્યજ છે. કેમકે તેનું પાન કરીને (કાને સાંભળીને) ભવ્ય પુરૂષો તત્કાળ અજરા અમરા એટલે ઘરડપણુ તેમજ મૃત્યુથી રહિત થઈ જાય છે। એટલે અજરામરપણાને પામે છે.

---

૧ કેમકે. ૨ ભવ્યજન. ૩ ઉતાવળા.
૪ ઘરડપણુ તથા મૃત્યુથી રહિત.


स्वामिन्सुदूरमवनम्य समुत्पतंतो
मन्ये वदंति शुचयः सुरचामरौघाः ॥
येऽस्मै नतिं विदधते मुनिपुंगवाय
ते नूनमूर्ध्वगतयः खलु शुद्धभावाः ॥ २२ ॥

દેવો વીંઝે જે પવિત્ર ચામર સ્વામિ ! આપ સમીપ તે
ઘું ધારૂંખું નીચા નમી ઊંચા જતાં એમજ કહે;—
"મુનિશ્રેષ્ઠ એવા [1]પાર્શ્વને જે નમન કરશે સ્નેહથી,
તે [2]શુદ્ધભાવી [3]ઉર્ધ્વગતિને પામશે નિશ્ચયપણે. "૨૨

હે સ્વામિ ! *સમવસરણને વિષે દેવતાઓ આપના સમીપમાં જે પવિત્ર ચામરો વીંઝે છે, તે નીચા નમીને પાછા ઊંચા જાય છે સ્વભાવિક રીતેજ જાય છે તોપણ, તે ઉપરથી કવિ ઉત્પ્રેક્ષા કરે છે કે તે ચામરો જાણે એમજ કહે છે કે:-"મુનિયોમાં શ્રેષ્ટ એવા આપને જે કોઇ શુદ્ધ (પવિત્ર) ભાવથી નીચા નમશે (નમન કરશે) તેઓ પણ અમારી પેઠેજ ઊંચી ગતિને પામશે ! !"

---

1 પાર્શ્વનાથને. 2 પવિત્ર અંતઃકરણવાળા.
3 ઊંચીગતિ. સ્વર્ગમોક્ષાદિક.
* જુઓ શ્લોક ૨૦ ના નીચેની નોટ.



श्यामं गभीरगिरमुज्ज्वलहेमरत्न-
सिंहासनस्थमिह भव्यशिखंडिनस्त्वाम्॥
आलोकयंति रभसेन नदंतमुच्चै-
[illegible]मीकराद्रिशिरमीव नवांबुवाहम्॥२३

[illegible]सुवर्ण[1] रत्नोथी बनेला उजळा सिंहासने,
गंभीर वाणीवान रूपी श्याम[2] स्वामि आपने;
उत्सुक थइने भव्यजन रूपी मयूरो[3] निरखे,
मेरुशिरे अति गाजता नवमेघ[4] सम प्रीति वडे !!

हे स्वामिन् जेम मेरु पर्वतना शिखर उपर अत्यंत गर्जना करता नवीन मेघने मोरपक्षीओ अत्यंत आतुरपणाथी जुए छे, तेमज समवसरणने विषे सुवर्ण अने रत्नोथी बनेला उज्वळ सिंहासननी अंदर बेठेला, श्याम रूपवाळा, अने गंभीर वाणीने उचरनारा एवा आपने *भव्यजनरूपी मयूरो अत्यंत उत्सुकपणाथी जुवे छे !!

---

1 सोनु. 2 काळाश पडता. 3 मोरपक्षी 4 नवो मेघ=चोमासानी शरुआतमा चढी आवतो वर्साद.
* उत्तम संस्कारवाळा माणसो.

[illegible]

[illegible]

પ્રાણી સચેતન તો પછી વીતરાગ આપ સમાગમે,
રે કોણ આ સંસારમાં પામે નહીં વૈરાગ્યને?* ૨૪

હે વીતરાગ! શ્યામરંગના તમારા ભામંડળની ઉંચે પ્રસરતી કાંતીવડે કરીને, અશોક વૃક્ષના પાંદડાંનો રંગ લોપાઇ જાય છે (મૂળરંગ જતો રહે છે-બદલાઇ જાય છે) જ્યારે એ પ્રમાણે જડ વસ્તુ પણ રાગ (રંગવૃક્ષને પક્ષે અને માણુસ પક્ષે પ્રીતિ, દ્વેષાદિક વિકારો) રહિત થાય છે તો પછી તમારા સમીપપણાને પામીને કયો સચેતન (પ્રાણી) રાગ રહિતપણાને ન પામે? અર્થાત્ કાંણુ વૈરાગ્યભાવને ન પામી જાય?

---

૧ ભા=કાંતિ અથવા તેજ તેનું મંડળ. ૨ રાગ રહિત, શુદ્ધ સ્વરૂપ.

